**ક્રી.પરચુ.અરજી નં. ૧૨૪૧૦ /૨૦૨૬**

**સિંગણપોર પો.સ્ટેશન પાર્ટ- સી ગુના રજી. નં. ૧૧૨૧૦૦૬૩૨૬૦૪૯૩ /૨૦૨૬, પ્રોહી એક્ટ કલમ- ૬૫(એ) (એ) મુજબના કામે આરોપીઃ- જમનાબેન રમેશભાઈ રાઠોડની જામીન અરજી લગત હુકમઃ**

(૧) આરોપી તરફે જામીન અરજી રજુ કરતા જામીન અરજી વંચાણે લીધી, આરોપીના વિ.વશ્રીને તથા વિ.એ.પી.પીશ્રીને સાંભળ્યા, ફરીયાદ વંચાણે લીધી.

(૨) આરોપીના વિ.વશ્રીએ અરજીમાં જણાવ્યા મુજબની રજુઆત ધ્યાને લઈને આરોપીને જામીન મુક્ત કરવા તેઓએ અરજ ગુજારેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પીશ્રીએ જામીન અરજી લગત વાંધો લેતા યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલી છે.

(૪) બંને પક્ષકારોની લંબાણપુર્વક રજુઆત ધ્યાને લીધી, ફરીયાદ વંચાણે લેતા તેમજ રજુ થયેલ સમગ્ર રેકર્ડ જોતાં આ કામના આરોપી સામે પ્રોહી એક્ટની કલમ-૬૫(એ)(એ) મુજબનો પાત્ર ગુનો કર્યાનો આક્ષેપ છે. આરોપી સામેના ફરીયાદ મુજબના આક્ષેપો ધ્યાને લેતા તેમા મહત્તમ સજાની જોગવાઈ ધ્યાને લેતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૭૮ જોતા તથા જામીન અરજીના તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર વિવિધ નામદાર હોઈકોર્ટના તે લગત ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતાં, આરોપીની ઉંમર, આરોપીની કુટુંબ પ્રત્યેની જવાબદારી, રહેવાસી તથા મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ હોય, કેસ ચાલતા સમય જાય તેમ હોય, ફરીયાદપક્ષનાં કેસની હકીકત અને આરોપી સામેના ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા હાલના આરોપીની ટ્રાયલ વખતે હાજરી વિગેરે હકીકતોને લક્ષમાં લેતા આરોપીને આ તબક્કે શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

હાલના કામના આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

આરોપીએ રૂા. ૧૫૦૦૦/- (અંકે રૂા. પંદર હજાર પુરા)ના જાત જામીન રજુ કર્યેથી સદર ગુનામાં નીચેની શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

## શરતો

(૧) અરજદાર-આરોપીએ ટ્રાયલ દરમિયાન કોર્ટમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદાર-આરોપી તથા જામીનદારોએ પોતાના ઓળખ અંગેના દસ્તાવેજી પુરાવા સાથે પોતાના રહેણાંકનું તથા ધંધાનુ સરનામું, ફોન નંબર, મોબાઈલ નંબર તથા રહેઠાણના પુરાવા સહિત સોગંધ ઉપર જાહેર કરવું અને અત્રેની અદાલતની પુર્વ પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો કે કરાવવો નહી.

આ કામના આરોપી ઉપરોક્ત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ કરશે તો સદર આપવામાં આવેલ જામીનનો હુકમ આપોઆપ રદ્દ ગણવો.

સદર હુકમ આજ રોજ તા.૨૪ માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪/૦૭/૨૦૨૬

ઈ/ચા. ત્રીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ.ફ.ક.,સુરત

મુ.સુરત